DATE :- 29-08-2026

SANDESH, PAGE-14, SURAT

### ટ્રાયલ રન સફળ થયા બાદ કામ ઝડપથી પૂર્ણ કરવા પ્રયાસ

# ડ્રિમસીટીથી અલથાણ સ્ટેશન વચ્ચે નવેમ્બરથી દોડવા લાગશે મેટ્રો ટ્રેન

। સુરત ।

સુરતીઓની મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરવાની આતુરતાનો ટૂંક સમયમાં અંત આવે તેવી શક્યતાઓ છે. ડ્રીમસિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચે ૮.૫ કિમી સુધી મેટ્રો ટ્રેન દોડાવવાની દિશામાં તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. આ રૂટ પર ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યો છે અને ટ્રાયલ દરમિયાન મેટ્રોની કામગીરીનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ટ્રાયલ રન બાદ હવે બાકી રહેલી જરૂરી ટેકનિકલ તેમજ વહીવટી ઔપચારિકતાઓ ઝડપથી પૂર્ણ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. તમામ પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય તો નવેમ્બરના અંત સુધીમાં ડ્રીમસિટી-અલથાણ વચ્ચે મેટ્રો દોડતી થવાની શક્યતા છે.

સુરત શહેરને આધુનિક અને ઝડપી જાહેર પરિવહન સેવા પૂરી પાડવા માટે અંદાજે રૂ. ૧૨ હજાર કરોડના ખર્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટના કોરિડોર-૧માં ડ્રીમસિટીથી અલથાણ વચ્ચે મેટ્રો દોડાવવા માટેની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. હાલમાં આ રૂટ પર ટ્રાયલ રન ચાલી રહ્યો છે. મેટ્રોના ટ્રાયલ રન દરમિયાન ટ્રેક, વીજળી, સિગ્નલિંગ સહિતની વિવિધ ટેકનિકલ વ્યવસ્થાઓનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. પ્રથમ તબક્કામાં અલથાણથી ડ્રીમસિટી વચ્ચે મેટ્રો દોડાવ્યા બાદ તબક્કાવાર રીતે કોરિડોર-૧ના અન્ય વિસ્તારોને પણ મેટ્રો સેવા સાથે જોડવામાં આવશે.



**દિવાળી આસપાસ મેટ્રો દોડાવવાની તૈયારી**

સુરતીઓને દિવાળીની ભેટરૂપે મેટ્રો સેવા શરૂ કરવાની દિશામાં તૈયારીઓ કરવામાં આવી રહી છે. ખાસ કરીને અલથાણથી ડ્રીમસિટી વચ્ચેનો રૂટ મેટ્રો દોડાવવા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે. નવેમ્બરના અંત સુધીમાં આ રૂટ પર પેસેન્જર મેટ્રો સેવા શરૂ કરી શકાય તે માટે બાકી રહેલા કામો અને ઔપચારિક્તાઓ ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

**ચોકથી સ્ટેશન વચ્ચે અંડરગ્રાઉન્ડ ટનલનું કામ**

કોરિડોર-૧ના અન્ય ભાગોમાં પણ મેટ્રોનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. ચોકબજારથી સ્ટેશન વિસ્તાર વચ્ચે અંડરગ્રાઉન્ડ ટનલનું કામ હાલ ચાલી રહ્યું છે. ટનલનું કામ પૂર્ણ થયા બાદ સુરતીઓને શહેરના ભૂગર્ભ માર્ગ પર મેટ્રોમાં મુસાફરી કરવાનો અનુભવ પણ મળશે.

# મેટ્રોએ પાલિકા પાસે 3 કોરીડોર પર જગ્યા લીઝ પર લેવા રજૂઆત કરી

### સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુકાયેલી દરખાસ્ત પર આજે નિર્ણય લેવાશે

। સુરત ।

મેટ્રો પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા માટે તડામાર તૈયારી ચાલી રહી છે. આ દરમિયાન કેટલીક જગ્યાઓ કે જે મેટ્રોના વિવિધ કાર્યો માટે જરૂરી છે પરંતુ તેની માલિકી મનપાની છે. તેવી જગ્યાઓ લીઝ પર લેવા માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મનપા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.જેના પર સ્ટેન્ડિંગ કમીટીમાં નિર્ણય લેવાશે.

ડ્રીમસીટીથી સરથાણા અને ભેંસાણથી સારોલી વચ્ચે બે રૂટ પર મેટ્રોનું કામ ચાલુ છે. જે અંતર્ગત કેટલાક સ્થાનો પર સ્ટેશન સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. ત્યારે રેડિયો કમ્યુનિકેશન ટાવર જેવી જરૂરી માળખાકીય સુવિધાઓ માટે આ જમીનોની માંગણી કરાઈ છે. જેમા કોરિડોર-૧ પર કાદરશાની નાળ મેટ્રો સ્ટેશનથી ચોક બજાર મેટ્રો સ્ટેશનને જોડતા વાયડક્ટ માટે સેન્ટ્રલ ઝોનના વોર્ડ નંબર-૧માં સીટીએસ૦૧ પૈકી ૧૦૨૨ ચો.મી જગ્યા અને કાદરશાની નાળ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ૧ અને ૨ માટે વોર્ડ નંબર- ૨માં રસ્તા પૈકીની અનુક્રમે ૬૩ સ્કે.મીટર અને ૧૨૦ સ્કે.મીટર મળીને કુલ ૧૮૩ સ્કે. મીટર જમીન પાલિકા પાસે માંગી છે.

કોરિડોર-૨ ના બદ્રીનારાયણ મંદિર મેટ્રો સ્ટેશન ખાતે મુસાફરોની અવરજવર માટે એન્ટ્રી/એક્ઝિટ-૧ અને ૧/A ના નિર્માણ માટે અડાજણ ટી.પી. સ્કીમ નં. ૧૦ માં ફાઈનલ પ્લોટ નં. ૩૧ અને ૪૯ ની દક્ષિણ તરફ આવેલા રસ્તા પૈકી અનુક્રમે ૪૦૮ સ્કે.મીટર અને ૯૬ સ્કે.મીટર મળીને કુલ ૫૦૪ સ્ક્વેયર મીટર જમીન ફાળવવા માટેની દરખાસ્ત મુકાઈ છે.

આ તમામ જગ્યાઓ રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના નીતિ-નિયમો અને પ્રવર્તમાન જંત્રી દરો મુજબ, વાર્ષિક ભાડા સાથે ૯૯ વર્ષના ભાડાપટ્ટે (લીઝ પર) આપવા તેમજ એડવાન્સ ભાડું વસૂલી કબ્જો સુપ્રત કરવાની તમામ સત્તા મનપા કમિશનરને સોંપવાની મંજૂરી માંગવામાં આવી છે.